| GJKH030009702023 | કેસ રજુ તારીખ | ૨૭/૦૩/૨૦૨૩ | | |
|---|---|---|---|---|
| | કેસ રજી તારીખ | ૨૭/૦૩/૨૦૨૩ | | |
| | કેસ ફેસલ તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ | | |
| | અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | | | | |

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. મહેમદાવાદ.**
ન્યાય મંદિર, તા. મહેમદાવાદ, જી. ખેડા.

**આંક :**

| | | |
|---|---|---|
| **ચુકાદા તારીખ** | **:–** | ૧૦ / ૦૬ / ૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | **:–** | ૭૨૧ / ૨૦૨૩ |
| **ગુન્હો** | **:–** | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮ સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ |
| **પ્રથમ માહિતી અહેવાલ નંબર** | **:–** | ૭૦ / ૨૦૧૫, તા.: ૧૮ / ૦૫ / ૨૦૧૫ |
| **પોલીસ સ્ટેશન** | **:–** | મહેમદાવાદ પો.સ્ટે., જી. ખેડા |

| | | |
|---|---|---|
| **ફરિયાદી** | **:–** | શ્રી સરકાર |
| **ફરિયાદ પક્ષે** | **:–** | વિ.એ.પી.પી.શ્રી કે.એ. સુથાર |
| | **વિરુદ્ધ** | |
| **આરોપી** | **:–** | **ભરતભાઈ શનાભાઈ ચૌહાણ,**<br>**રહે :** સાપલા,તા. મહુધા, જી. ખેડા. |
| **આરોપી પક્ષે** | **:–** | વિ.વ.શ્રી આર.એમ. કાઝી |

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ :– | ૧૮ / ૦૫ / ૨૦૧૫ |
| પ્રથમ માહિતી અહેવાલ તારીખ :– | ૧૮ / ૦૫ / ૨૦૧૫ |
| ચાર્જશીટ રજૂ તારીખ :– | ૨૭ / ૦૩ / ૨૦૨૩ |
| તહોમતનામું / નિવેદન લીધા તારીખ :– | ૧૨ / ૦૬ / ૨૦૨૩ |
| પુરાવો નોંધવાની શરૂઆત તારીખ :– | ૧૮ / ૦૯ / ૨૦૨૩ |
| ચુકાદા સારું રાખવાની તારીખ :– | ૧૦ / ૦૬ / ૨૦૨૬ |
| ચુકાદા તારીખ :– | ૧૦ / ૦૬ / ૨૦૨૬ |
| સજા અંગે હુકમ તારીખ, (લાગુ પડે તો):– | – |

## –:: આરોપીની વિગત ::–

| અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડ થયા તારીખ | જામીન ઉપર મુક્ત થયા તારીખ | તહોમત | શું નિર્દોષ / તકસીર – વાન | સજા | ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ની કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ભરતભાઈ શનાભાઈ ચૌહાણ | ૨૨ / ૦૬ / ૨૦૧૫ | ૨૨ / ૦૬ / ૨૦૧૫ | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮ સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબ | શંકાનો લાભ આપી નિર્દોષ | – | – |

## –:: ફરિયાદ પક્ષે /આરોપી પક્ષે/ ન્યાયાલયના સાક્ષીઓની યાદી ::–

**(અ) ફરિયાદ પક્ષે :–**

| અનુક્રમ | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૧ | દિનેશભાઈ ભાવાભાઈ ચૌહાણ | ફરિયાદી |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૨ | દક્ષાબેન દિનેશભાઈ ચૌહાણ | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૩ | કમલેશભાઈ ડાહ્યાભાઈ પરમાર | પંચ સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૪ | રમીલાબેન રમેશભાઈ ડાભી | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૫ | નૂરજહાંબેન બાબુભાઈ વોરા | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૬ | લાલારામ કિકાજી કુમાવત | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૭ | ચીમનભાઈ ઐતાભાઈ પરમાર | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૮ | ચીમનભાઈ રણછોડભાઈ સોલંકી | સાહેદ |

## –:: ફરિયાદ પક્ષે / આરોપી પક્ષે / ન્યાયાલયના આંકની યાદી ::–

**(અ) ફરિયાદ પક્ષે મૌખિક પુરાવો :–**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| (૧) | આંક ફ. ૧૦ / ફ. સા.: ૦૧ | દિનેશભાઈ ભાવાભાઈ ચૌહાણનાઓની જુબાની |
| (૨) | આંક ફ. ૧૩ / ફ. સા.: ૦૨ | દક્ષાબેન દિનેશભાઈ ચૌહાણનાઓની જુબાની |
| (૩) | આંક ફ. ૨૧ / ફ. સા.: ૦૩ | કમલેશભાઈ ડાહ્યાભાઈ પરમારનાઓની જુબાની |
| (૪) | આંક ફ. ૨૩ / ફ. સા.: ૦૪ | રમીલાબેન રમેશભાઈ ડાભીનાઓની જુબાની |
| (૫) | આંક ફ. ૨૬/ ફ. સા.: ૦૫ | નૂરજહાંબેન બાબુભાઈ વોરાનાઓની જુબાની |

| | | |
|---|---|---|
| (૬) | આંક ફ. ૨૮ / ફ. સા.: ૦૬ | લાલારામ કિકાજી કુમાવતનાઓની જુબાની |
| (૭) | આંક ફ. ૨૯ / ફ. સા.: ૦૭ | ચીમનભાઈ ઐતાભાઈ પરમારનાઓની જુબાની |
| (૮) | આંક ફ. ૪૭ / ફ. સા.: ૦૮ | ચીમનભાઈ રણછોડભાઈ સોલંકીનાઓની જુબાની |

**(બ) ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવો :-**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| (૧) | આંક ફ. ૧૧ | ફરિયાદ |
| (૨) | આંક ફ. ૨૨ | પંચનામું |
| (૩) | આંક ફ. ૩૧ | દિનેશભાઈનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૪) | આંક ફ. ૩૨ | દક્ષાબેનનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૫) | આંક ફ. ૩૩ | જરીનાબેનનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૬) | આંક ફ. ૩૪ | કૌશિકભાઈનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૭) | આંક ફ. ૩૫ | રમીલાબેનનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૮) | આંક ફ. ૩૬ | નૂરજહાંબેનનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૯) | આંક ફ. ૩૭ | ચીમનભાઈનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૧૦) | આંક ફ. ૩૮ | લાલારામનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૧૧) | આંક ફ. ૩૯ | ચીમનભાઈનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૧૨) | આંક ફ. ૪૦ | લાલારામનું મેડિકલ સર્ટિફિકેટ |
| (૧૩) | આંક ફ. ૪૮ | ટેલિફોન વર્ધી |
| (૧૪) | આંક ફ. ૪૯ | ટેલિફોન વર્ધી |
| (૧૫) | આંક ફ. ૫૦ | સુચિપત્ર |

## –:: ચુકાદો ::–

## (૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત :–

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, સદર કામનાં આરોપીએ તા.: ૧૮ / ૦૫ / ૨૦૧૫નારોજ કલાક ૦૯ : ૦૦ વાગ્યે મોજે સરસવણી હળદરવાસ રોડ ઉપર કાંઠીપૂરા ગામની સીમમા પોતાની સી.એન.જી રિક્ષા નંબર જીજે – ૦૭ – વાય વાય – ૭૫૫૪ની બેફિકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે ચલાવી લઈ જતા પલટી ખવડાવી રોડની સાઈડમાં ગટરમાં ઉતારી દઈ અંદર બેઠેલ ફરિયાદી તથા સાહેદોને શરીરે વત્તી ઓછી ઈજાઓ પહોંચાડી છાતીમાં ડાબી સાઈડ તથા સાહેદ નં.: ૦૯ લાલારામને ડાબા પગે ઢીંચણ નીચેના ભાગે ફ્રેકચર કરી, **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮ સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ.

## (૨) પોલીસ તપાસ :–

સદરહું કામે આરોપી વિરૂદ્ધ મહેમદાવાદ પો.સ્ટે.,પ્રથમ માહિતી અહેવાલ નંબર : ૭૦ / ૨૦૧૫, તા.: ૧૮ / ૦૫ / ૨૦૧૫ થી ગુન્હો નોંધતા, તપાસ કરનાર અમલદારે સદર ગુન્હાઓ અંગેની તપાસ હાથ ધરેલ તેમજ **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ – ૧૬૧** અન્વયે ગુન્હાઓથી માહિતગાર સાહેદોના નિવેદનો નોંધી, પંચનામું કરી, આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો ઉપલબ્ધ હોઈ, અત્રેની અદાલતમાં **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮ સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગે **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ – ૧૭૩ (૨)** મુજબનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

## (૩) ન્યાયિક કાર્યવાહી :–

સદરહું કામે આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ રજૂ થતાં **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ – ૧૯૦ (બી)** મુજબ આરોપી વિરૂદ્ધ આક્ષેપિત ગુન્હાઓનું સંજ્ઞાન લઈ, **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ – ૨૦૪** અન્વયે પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવતા, આરોપી તેઓના વિ. વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ. આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ – ૨૦૭** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યાની ખાત્રી કર્યા બાદ ઉપરોક્ત ગુન્હાઓ અન્વયે સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, સદર

ગુન્હાઓ **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ – ૨ (મ)** મુજબ સમન્સ ટ્રાયબલ હોઈ, સદરહું અધિનિયમના **પ્રકરણ – ૨૦**ની **કલમ – ૨૫૧** મુજબ **આંક – ૦૪**થી આરોપીને આક્ષેપીત ગુન્હાઓ સબબ સાર જણાવી, નિવેદન નોંધવામાં આવતાં, આરોપીએ ગુન્હો કબૂલ ન હોવાનું જણાવેલ, જેથી સદરહું અધિનિયમની **કલમ – ૨૫૪** મુજબ આરોપી વિરૂદ્ધ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધી ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## (૪) પુરાવાઓ તેમજ દલીલો :-

**(૪.૧)** ફરિયાદ પક્ષના કેસની પરિસ્થિતિ, હકીકતો, વિગતો તથા સંજોગોને લક્ષમાં લેતા ફરિયાદ પક્ષે મહત્વના સાક્ષીઓ તપાસ્યા બાદ ફરિયાદપક્ષે મૌખિક વિનંતીથી પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરતાં, ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૪.૨)** સદરહું કામે ફરિયાદપક્ષે મૌખિક વિનંતીથી પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરેલ છે. સદરહું કામે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતાં, સદર કામે આરોપીનું **ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ – ૩૧૩** અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા, સદર કામનાં આરોપીએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપી જણાવેલ કે ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત તમામ પુરાવાઓ મારી સમક્ષ અથવા મારા દ્વારા નિમાયેલ વકીલશ્રી સમક્ષ નોંધવામાં આવેલ છે, તે સિવાય બાકી તમામ સવાલોના જવાબ નકારમાં આપી, ફરિયાદ પક્ષના કેસની હકીકતોનો ઈનકાર કરી, તેઓ નિર્દોષ હોય અને તેઓની સામે ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે.

**(૪.૩)** ત્યારબાદ, સદરહું કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એ.સુથારનાઓએ તથા આરોપી પક્ષે વિ.વ.શ્રીનાઓની દલીલો સાંભળવામાં આવેલ.

## (૫) મુદ્દાઓ :-

હાલના કેસ અંગે વિચારવામાં આવે તો આરોપીઓ સામે ફરિયાદ પક્ષે **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮ સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબના ગુન્હા સબબનો આક્ષેપ છે તે હકીકતો અને સદર ગુન્હાઓનું સ્વરૂપ જોતા ફરિયાદ પક્ષ માટે નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ નિ: શંકપણે પુરવાર કરવા મહત્વના બને.

| ક્રમાંક | મુદ્દા |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.: ૧૮ / ૦૫ / ૨૦૧૫નારોજ કલાક ૦૯ : ૦૦ વાગ્યે મોજે સરસવણી હળદરવાસ રોડ ઉપર કાંઠીપૂરા ગામની સીમમા પોતાની સી.એન.જી રિક્ષા નંબર જીજે – ૦૭ – વાય વાય – ૭૫૫૪ની બેફિકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે ચલાવી લઈ જતા પલટી ખવડાવી રોડની સાઈડમાં ગટરમાં ઉતારી દઈ અંદર બેઠેલ ફરિયાદી તથા સાહેદોને શરીરે વત્તી ઓછી ઈજાઓ પહોંચાડી છાતીમાં ડાબી સાઈડ તથા સાહેદ નં.: ૦૯ લાલારામને ડાબા પગે ઢીંચણ નીચેના ભાગે ફ્રેકચર કરી, **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮ સાથે વાંચતા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ? |
| (૨) | શું હુકમ ? |

## (૬) મુદ્દા પરત્વેના નિર્ણય :–

ઉપરોક્ત જણાવ્યા અનુસાર મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવ્યા મુજબના છે.

| મુદ્દા ક્રમાંક | નિર્ણય |
|---|---|
| (૧) | નકારમાં |
| (૨) | આખરી હુકમ મુજબ |

## (૭) કાયદાકીય જોગવાઈ, પુરાવાઓનું મૂલ્યાંકન અને નિર્ણયના કારણો :–

**(૭.૧)** સદરહું કામના આરોપી વિરૂદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી બને, જે નીચે મુજબ છે :

- ફોજદારી કાર્યરીતિમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે તેમજ ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનુ રહે છે. કાયદાથી એ પણ સ્થાપિત છે કે, જો ફરિયાદ પક્ષના કેસ અંગે, કેસના મૂળ સુધી જાય તે રીતની મહત્વની શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપી પક્ષને આપવો જોઈએ; જો કે તેનો હેતુ એવો નથી કે આરોપી પક્ષને કોઈ પણ રીતે લાભ મળે તે હેતુથી ફરિયાદ પક્ષના પુરાવા અંગે ગેરવ્યાજબી શંકા ઉભી કરવી. કાયદાથી એ પણ સ્થાપિત છે કે ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવામાં આવતા કેટલાક તુચ્છ

વિરોધાભાષને વધુ પડતું મહત્વ ન આપવું જોઈએ અને ફરિયાદ પક્ષના પુરાવાનું આક્ષેપીત ગુન્હાની કાયદાકીય જોગવાઈ તથા કાનૂની સ્થિતિના સંદર્ભમાં મૂલ્યાંકન કરવું જોઈએ.

- નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Rabindra Kumar Dey v. State of Orissa** (**AIR** 1977 **SC** 170)ના ચુકાદામાં ત્રણ સિદ્ધાંતો પુનરાવર્તિત કરેલ છે, "(૧) **કેસને યોગ્ય શંકાથી પર સાબિત કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર જ રહે છે અને તે બચાવ પક્ષની નબળાઈ અથવા ખોટમાંથી કોઈ લાભ લઈ શકે નહિ; (૨) ફોજદારી કાર્યરીતિમાં જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનુ રહે છે; અને (૩) ફરિયાદ પક્ષ ઉપર રહેલો પુરાવાનો બોજો ક્યારેય બદલાતો નથી."**

- નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **State of Uttar Pradesh v. Krishna Gopal**( (1988) 4 **SCC** 302) ના ચુકાદામાં ઠરાવેલ છે કે, **"કોઈ વ્યક્તિને તેવા ગુનામાં દોષિત ઠેરવવામાં ન આવે જ્યાં સુધી પુરાવાના માપદંડ મુજબ તેનો દોષ સ્થાપિત ન થાય; આ તેનો મહત્વનો હક છે. આ ધોરણ ઊંચું છે, પરંતુ એકદમ નક્કી માપદંડ નથી; 'પુરાવો' કેટલો પૂરતો ગણાય તે દરેક કેસની પરિસ્થિતિ પર આધાર રાખે છે." આ સ્થાપિત કાનૂની સ્થિતિના પરિઘમાં હાલના કેસમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું આવશ્યક બને છે.**

**૭.૨** સદર કામે આરોપી વિરૂદ્ધ **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮** સાથે વાંચતા **મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ ની કલમ – ૧૭૭, ૧૮૪** અન્વયે ગુન્હો નોંધાયેલ છે, ત્યારે સદરહું ગુન્હા અંગેની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,–

**ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ –**

**279. Rash driving or riding on a public way.**
Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

**337. Causing hurt by an act endangering life or personal safety of others.**

Whoever causes hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five hundred rupees, or with both.

**338. Causing grievous hurt by an act endangering life or personal safety of others.**
Whoever causes grievous hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine which may extend to one thousand rupees, or with both.

**મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ ની કલમ -**

**177. General provision for punishment of offences.**—
Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence be punishable for the first offence with fine which may extend to one hundred rupees, and for any second or subsequent offence with fine which may extend to three hundred rupees.

**184. Driving dangerously.**
Whoever drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public, having regard to all the circumstances of the case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term which may extend to six months or with fine which may extend to one thousand rupees, and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to two thousand rupees, or with both.

**૭.૨.૧** આથી, જ્યારે હાલના કામે આરોપી સામે **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮** સાથે વાંચતા **મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ ની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબના ગુન્હા

સબબનો આક્ષેપ છે ત્યારે ફરિયાદ પક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે.

**૧.** અકસ્માત સમયે વાહન ચાલક હાલના આરોપી જ હતા.

**૨.** અકસ્માત આરોપી વાહન પૂરઝડપે, ગફલતભરી રીતે અથવા બેદરકારી પૂર્વક મનુષ્ય જીવન જોખમાય તે રીતે હંકારી હોવાના કારણે થયેલ.

**૩.** આરોપીના ઉતાવળ અથવા બેદરકારી પૂર્વક અને ગફલતભરી રીતે ગુન્હાઇત કહી શકાય તે હદે સ્પિડથી ચલાવતા હતા અને કેવળ તેમની કસુરના કારણે મનુષ્ય જીવન જોખમાય અથવા વ્યક્તિગત કે અન્યની સુરક્ષા જોખમાય તેવા કૃત્યના લીધે કોઈ વ્યક્તિને ઈજા પહોંચેલ.

આમ, ઉપરોક્ત સિધ્ધાંતો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષે આરોપી વિરૂદ્ધ આક્ષેપિત તહોમત પુરવાર કરવા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાઓનું મૂલ્યાંકન હાથ ધરવું ઘટે, જેથી સદર કામે પડેલ મૌખિક તેમજ દસ્તાવેજીપુરાવાની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

**૭.૩** સદર કામે ગુન્હાઓનું સ્વરૂપ જોતા આ ગુન્હામાં ફરિયાદ આપનાર ફરિયાદી, આ ગુન્હામાં જેમને ઈજા થઈ છે તે અથવા જો કોઈ નજરે જોનાર સાહેદ હોય તો તેઓનો પુરાવો ફરિયાદ પક્ષના આક્ષેપોની સત્યતા પુરવાર કરવા માટે મહત્વનો બને. હાલના કેસમાં ફરિયાદી પોતે જ ઈજા પામનાર છે. અન્ય મહત્વના ફરિયાદીની ફરિયાદ મુજબ આરોપીએ તેમની સીએનજી રીક્ષા પલટી ખવડાવી દઈ રોડની સાઇડમાં ગટરમાં ફરિયાદી તથા અન્ય સાહેદોને ઈજા પહોંચાડેલ હોવાનું જણાવેલ છે, જે આરોપી સામે કેસ પુરવાર કરવા માટે અને ખાસ કરીને આરોપી જ બનાવ સમયે વાહન ચલાવતા હતા તેવું દર્શાવવા માટે આ સાહેદોના પુરાવા પર ફરિયાદ પક્ષે મહત્વની રીતે આધાર રાખેલ છે, તેથી ફરિયાદીના પુરાવાની ચર્ચા હું પ્રથમ કરવી ઉચિત માનું છું.

**૭.૪** ફરિયાદની જુબાનીને જોતાં પહેલા ફરિયાદીની ફરિયાદમાં શું કથન છે તે જોવું આવશ્યક બને છે. જેથી ફરિયાદપક્ષે આંક-૧૧ થી લેખિત ફરિયાદ રજુ કરેલ છે. આ ફરિયાદ જોતાં એવું જણાવે છે કે, ગઈ કાલ રોજ સાંજના પાંચેક વાગ્યાના સુમારે તેઓ તથા તેમની પત્ની દક્ષાબેન તથા તેમનો દિકરો કૌશિક એ રીતેના ત્રણે જણાંતેમની સાસરી શત્રુડા ગામે અભાજી આતાજી ડાભીને ત્યાં થતી હોવાથી તેઓ મહેમાન ગયેલા અને રાત્રીના ત્યાં રોકાયેલા અને વહેલી સવારના તેમના સસરાના ઘરેથી શંત્રુડા બસ સ્ટેન્ડથી સાડા આઠ વાગ્યાના સુમારે ત્રણેય જણા અકલાચા તરફથી એક સી. એન. જી. રીક્ષામાં બેસી હલધરવાસ

આવવા નીકળેલા અને આ રીક્ષામાં એક પુરુષ અને બે બહેનો બેઠેલ હતી અને શત્રુડા સ્ટેન્ડેથી બીજા એક પુરુષ તથા એક બહેન બેઠેલ આમ કુલ્લે આઠ માણસો સી. એન. જી. રીક્ષામાં બેસી શત્રુડા વાયા સરસવણીવાળા રોડે વાત્રક પુલ પસાર કરી પુલની નજીક ઢાળમાં સી એન જી રીક્ષાના ચાલાકે તેની રીક્ષા પુરઝડપે, હંકારી લઈને જતાં રીક્ષા અચાનક પલટી ખાતા રોડની ગટરમાં ઉતરી પડતાં તેઓ ઉપરોકત આઠે માણસો ગટરમાં ફેંકાઈ જતાં તમામ માણસોને શરીરે વત્તા ઓવા પ્રમાણમાં ઈજાઓ થયેલ અને તેમને કપાળમાં જમણી બાજુ તેમજ તેમની પત્ની દક્ષાને જમણા પગના ઢીંચે તેમજ તેમના દીકરાને માથાની ડાબી સાઈડે ઈજાઓ થયેલ અને આ સી એન જી રીક્ષાનો નંબર તેઓએ જોયેલ તો સી એન જી રીક્ષા નં. જી જે ૦૭ વાય વાય ૭૫૫જ નો હતો અને તેઓને વાગેલ હોવાથી ૧૦૮ ફોન કરતાં ૧૦૮ આવતાં હલધરવાસ સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલ અને ડોકટર સાહેબે તેમની દવા સારવાર કરાવી ડોકટર સાહેબે વધુ સારવાર વધુ સારવાર માટે બીજા દવાખાને જવાનું કહેતા તેઓ ત્રણે જણા તથા શત્રુડાના રમીલાબેનનાઓ નૈનપુર ચોકડી જયોતીબા હોસ્પિટલમાં સારવાર કરાવી ઉપરોકત સી એન જી રીક્ષા નં. જીજે. ૦૭ વાય વાય ૭૫૫જ ના ચાલક ડ્રાઈવરના વિરૂઘ્ધ ફરિયાદ કરવા આવેલ છે.આ બાબતે તેઓનો શું પુરાવો છે તે જોવો જરૂરી બને છે.

ફરિયાદીની ઉપરોકત ફરિયાદ હકીકત સંદર્ભે તઓની જુબાનીનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું.

**૭.૫** ફરિયાદપક્ષે **સાહેદ નં.૦૧ ફરિયાદી દીનેશભાઈ ભાવાભાઈ ચૌહાણને આંક–૧૦** થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તે ફાર્મા કંપનીમાં નોકરી કરે છે. બનાવ તા.૧૫/૫/૨૦૧૫ નાં રોજ સવારનાં ૯ વાગે બનેલો. બનાવનાં દીવસે તે તથા તેમની પત્ની તથા તેમનો દીકરો કૌશીક તેમની સાસરીમાં શત્રુંડા મુકામે ગયેલા અને ત્યાંથી તેઓ તેમના ઘરે જવા માટે અકલાચા તરફથી એક રીક્ષા આવેલી તેમાં બીજા પેસેન્જરો પણ બેઠેલા હતા તેમાં તેઓ બેઠેલા અને આ રીક્ષા સરસવણી વાળા રસ્તા ઉપર ખાત્રજ પુલ નજીક ઢાળમાં જતાં રીક્ષાનાં ચાલકે રીક્ષાને પુરઝડપે હંકારતાં રીક્ષા પલટી ખાઈ ગયેલી જેથી તેઓને ઈજા થયેલી. બનાવમાં તેમને કપાળનાં ભાગે ઈજા થયેલી અને તેમની પત્ની દક્ષાબેનને જમણા પગે અને તેમના દીકરા કૌશીકને માથાનાં ભાગે ઈજા થયેલી. આ રીક્ષાનો નંબર

જી.જે.૭.વાય.વાય.૭૫૫૪ નો હતો. તેઓને ઈજા થતાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં હલદરવાસ સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા. તેમના સીવાય આ રીક્ષામાં બેસેલ બીજા પેસેન્જરોને પણ ઈજા થયેલી અને એક ભાઈનો પગ ભાગી ગયેલો હતો. બનાવ બાબતે તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલી. તેમને આજરોજ અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે, જે પુરાવામાં રજુ દાખલ આંક–૧૧ આપવામાં આવે છે. તે રીક્ષા ચાલકને ઓળખી શકે નહીં.

**૭.૫.૧** બચાવપક્ષે સદર ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ સ્વીકારે છે કે, રીક્ષામાં કુલ–૮ જણા બેસેલ હતા. સરસવણીથી હલદરવાસ જતાં વાત્રક બ્રીજ પછી વળાંક વાળો રસ્તો છે. તે શત્રુંડા પાટીયાથી બેઠો ત્યારે રીક્ષામાં ૩ પેસેન્જર હતા. શત્રુંડા પાટીયાથી બનાવ વાળી જગ્યા આશરે ૪ કિ.મી. થાય. ૧૦૮ માં તેમની સાથે બીજાને સારવાર માટે લીધેલા પરંતુ કુલ કેટલા લીધેલા તેની ખબર નથી. બીજા દરદીઓને ચોકકસ કયા વાહનમાં સારવાર માટે લાવેલા તેની તેમને ખબર નથી. સરકારી દવાખાનેથી જોઈતીબા હોસ્પીટલમાં વધુ સારવાર માટે ગયેલા. જોઈતીબા હોસ્પીટલમાં તેમને સારવાર આપી રજા આપેલી અને અંદરના દરદી તરીકે દાખલ કરેલ નથી. પોસ્ટેમાં ૪–૫ વાગ્યાનાં અરસામાં તે, તેમના કાકા, સરપંચ તથા બીજા માણસો આવેલા. રીક્ષાનો નંબર તેમના કાકાનાં છોકરાએ જણાવેલ તેથી જાણેલ.

**૭.૬** ફરિયાદપક્ષે **સાહેદ નં.૦૨ સાહેદ દક્ષાબેન દિનેશભાઈ ચૌહાણને આંક–૧૩** થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી દીનેશભાઈ ભાવાભાઈ તેમના પતિ થાય છે. બનાવનાં આગલા દીવસે તેઓ તેમના પતિ તથા તેમનો દીકરો ત્રણે જણાં તેમના પીયર શત્રુંડા મુકામે ગયેલા અને રાત્રે રોકાઈ બીજા દીવસે સવારે શત્રુંડાથી તેમના ઘરે જવા નીકળેલા. તેમને બનાવની તારીખ યાદ નથી પરંતુ બનાવ ૨૦૧૫ માં બનેલો. તેઓ શત્રુંડા પાટીયાથી હલદરવાસ તરફ જતી રીક્ષામાં બેસેલા. આ રીક્ષામાં તેમના સીવાય બીજા પેસેન્જરો પણ બેઠેલા હતા અને અકલાચાથી ત્રણ બીજા પેસેન્જર રીક્ષામાં બેસેલા અને આ રીક્ષા સરસવણી વાળા રસ્તા ઉપર ખાત્રજ પુલ નજીક ઢાળમાં જતાં રીક્ષાનાં ચાલકે રીક્ષાને પુરઝડપે હંકારતાં રીક્ષા પલટી ખાઈ ગયેલી જેથી તેઓને ઈજા થયેલી. બનાવમાં તેમના પતિને કપાળનાં ભાગે ઈજા થયેલી અને તેમને જમણા પગે અને તેમના દીકરા કૌશીકને માથાનાં ભાગે ઈજા થયેલી. આ રીક્ષાનો નંબર તેમને યાદ નથી. તેઓને ઈજા થતાં

૧૦૮ એમ્બ્યુલન્સમાં હલદરવાસ સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા અને ત્યાંથી નેનપુર ચોકડી જોઈતીબા હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. તેમના સીવાય આ રીક્ષામાં બેસેલ બીજા પેસેન્જરોને પણ ઈજા થયેલી અને એક ભાઈનો પગ ભાગી ગયેલો હતો. બનાવ બાબતે તેમના પતિએ પોલીસમાં ફરીયાદ આપેલી. તપાસનાં કામે તેમનો જવાબ લીધેલો.

**૭.૬.૧** બચાવપક્ષે સાહેદની ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ સ્વીકારે છે કે, બનાવ વાળા રસ્તા ઉપર ઘણાં બધા વાહનોની અવર જવર થાય છે. સરસવણીથી હલદરવાસ જતાં વાત્રક બ્રીજ પછી વળાંક વાળો રસ્તો છે. રીક્ષામાં કુલ-૮ જણા બેસેલ હતા. પોલીસે ફકત તેમનું નામ સરનામું પુછેલું બાકીની વિગત તેમના પતિએ પોલીસને જણાવેલ.

**૭.૭** ફરિયાદપક્ષે **સાહેદ નં.૩ પંચસાહેદ કમલેશભાઈ ડાહ્યાભાઈ પરમારને આંક-૨૧** થી સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવતાં તેઓ સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમને સહી કરવાનું કહેતાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. તેમને બનાવવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે, તેમાં તેમની પંચ તરીકે સહી છે જે ઓળખી બતાવે છે જે પુરાવામાં રજુ દાખલ આંક-૨૨ આપવામાં આવે છે. પંચનામું કઈ બાબતે તેઓ તેની તેમને ખબર નથી, સહી કર્યા સીવાય સંડોવાયેલ વાહનના પંચનામાને અનુરૂપ પુરાવો ન આપતા તેઓની હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. વિ. એ. પી. પી. શ્રીએ તેઓની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

**૭.૭.૧** બચાવપક્ષે સદર પંચસાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલી. સહી કર્યા સિવાય કોઈ હકીકત તે જાણતો નથી.

**૭.૮** ફરિયાદ પક્ષે **સાહેદ નં. ૦૪ સાહેદ રમીલાબેન રમેશભાઈ ડાભીને આંક-૨૩** થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી નવ દશ વર્ષ અગાઉ તે રીક્ષામાં બેસી તે શત્રુંડા પાટીયાથી હલદરવાસ દવાખાનામાં જવા માટે નીકળેલ હતી. તે આ રીક્ષામાં સવારના લગભગ ૧૦ વાગ્યાનાં અરસામાં બેસેલ હતી. આ રીક્ષામાં તેમની સાથે બીજા પણ પેસેન્જરો બેઠેલા હતા અને આ રીક્ષા સરસવણી પુલ પાસેથી પસાર થતા હતા તે વખતે રોડની સાઈડમાં ગબડી ગયેલી અને પલટી ખાઈ ગયેલી જેથી તેમને તથા રીક્ષામા બેસેલા બીજા પેસેન્જરોને ઈજાઓ થયેલી. બનાવમાં તેમને કમરનાં ભાગે ઈજા થયેલી. ઈજા

થતાં તેમને તથા બીજા પેસેન્જરોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં હલદરવાસ દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલા. આ રીક્ષાનો નંબર કયો હતો તે તેમને હાલ યાદ નથી. તે રીક્ષાના ચાલકને સમય થવાથી ઓળખી શકે નહીં. પોલીસે તેમનો જવાબ લીધેલો.

**૭.૮.૧** બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી નથી. તેઓ રીક્ષામાં પાછળ બેઠેલ હતી અને રોડ પર અચાનક જાનવર આવી જતાં રીક્ષાને અથડાતાં બનાવ બનેલો.

**૭.૯** ફરિયાદ પક્ષે **સાહેદ નં. ૦૫ સાહેદ નુરજહાંબેન બાબુભાઈ વોરા આંક–૨૬** થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી નવ દશ વર્ષ અગાઉ તેઓ તથા તેમના કાકી સાસુ જરીનાબેન અબ્દુલભાઈ અકલાચાથી સીએનજી રીક્ષામાં બેસી હલદરવાસ જારતમાં જવા માટે નીકળેલ. આ રીક્ષા વાળાએ રસ્તામાંથી બીજા પણ પેસેન્જરો બેસાડેલા. આ રીક્ષા સરસવણી પુલ પાસેથી પસાર થતા હતા તે વખતે વળાંકમાં રોડની સાઈડમાં ગબડી ગયેલી અને પલટી ખાઈ ગયેલી જેથી તેમને તથા રીક્ષામા બેસેલા બીજા પેસેન્જરોને ઈજાઓ થયેલી. બનાવમાં તેમને કમરનાં ભાગે તથા કાનનાં ભાગે તથા તેમના કાકી સાસુને પગમાં ઈજા થયેલી. તેમને ઈજા થતાં તેમને તથા બીજા પેસેન્જરોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. આ રીક્ષાનો નંબર કયો હતો તે તેમને હાલ યાદ નથી. તે રીક્ષાના ચાલકને સમય થવાથી ઓળખી શકે નહીં. પોલીસે તેમનો જવાબ લીધેલો.

**૭.૯.૧** બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી નથી. તે રીક્ષામાં પાછળ બેઠેલ હતી. તે રીક્ષામાં પાછળ બેસેલ હોય કેવી રીતે બનાવ બનેલો તે જોઈ શકાય નહીં.

**૭.૧૦** ફરિયાદ પક્ષે **સાહેદ નં. ૦૬ સાહેદ લાલારામ કીકાજી કુમાવતને આંક–૨૮** થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી ૭–૮ વર્ષ અગાઉ તે સવારના દશેક વાગ્યાનાં અરસામાં શત્રુંડા પાટીયાથી રીક્ષામાં બેસી હલદરવાસ જવા માટે નીકળેલ. આ રીક્ષા વાળાએ રસ્તામાંથી બીજા પણ પેસેન્જરો બેસાડેલા. આ રીક્ષા સરસવણી પુલ પાસેથી પસાર થતા હતા તે વખતે વળાંકમાં રોડની સાઈડમાં ગબડી ગયેલી અને પલટી ખાઈ ગયેલી જેથી મને તથા રીક્ષામા બેસેલા બીજા પેસેન્જરોને ઈજાઓ

થયેલી. બનાવમાં તેમને ડાબા પગમાં ઈજા થયેલી અને તેમનો પગ એડીના ભાગેથી તુટી ગયેલો. તેમને ઈજા થતાં તેમને તથા બીજા પેસેન્જરોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં નડીઆદ અમી હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. આ રીક્ષાનો નંબર કયો હતો તે તેમને હાલ યાદ નથી. તે રીક્ષાના ચાલકને સમય થવાથી ઓળખી શકે નહીં. પોલીસે તેમનો જવાબ લીધેલો.

૭.૧૦.૧ બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, તે રીક્ષામાં પાછળ બેઠેલ હતો. તે રીક્ષામાં પાછળ બેસેલ હોય કેવી રીતે બનાવ બનેલો તે જોઈ શકાય નહીં.

**૭.૧૧** ફરિયાદ પક્ષે **સાહેદ નં. ૦૭ સાહેદ ચીમનભાઈ ઐતાભાઈ પરમાર ને આંક–૨૯** થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી ૭–૮ વર્ષ અગાઉ તે સવારના દશેક વાગ્યાનાં અરસામાં અકલાચાથી રીક્ષામાં બેસી હલદરવાસ જવા માટે નીકળેલ. આ રીક્ષા વાળાએ રસ્તામાંથી બીજા પણ પેસેન્જરો બેસાડેલા. આ રીક્ષા સરસવણી પુલ પાસેથી પસાર થતા હતા તે વખતે વળાંકમાં રોડની સાઈડમાં ગબડી ગયેલી અને પલટી ખાઈ ગયેલી જેથી તેમને તથા રીક્ષામા બેસેલા બીજા પેસેન્જરોને ઈજાઓ થયેલી. બનાવમાં તેમને માથામાં તથા કમરના ભાગે ઈજા થયેલી અને તેમને કરોડનાં ભાગે ફ્રેકચર થયેલું. તેમજ તેમની જમણી આંખ નીકળી ગયેલી. તેમને ઈજા થતાં તેમને તથા બીજા પેસેન્જરોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં નડીઆદ અમી હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. આ રીક્ષાનો નંબર કયો હતો તે તેમને હાલ યાદ નથી. તે રીક્ષાના ચાલકને સમય થવાથી ઓળખી શકે નહીં. પોલીસે તેમનો જવાબ લીધેલો.

**૭.૧૧.૧** બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, તે રીક્ષામાં પાછળ બેઠેલ હતો. તે રીક્ષામાં પાછળ બેસેલ હોય કેવી રીતે બનાવ બનેલો તે જોઈ શકાય નહીં.

**૭.૧૨** ફરિયાદપક્ષે **સાહેદ નં.૮ સાહેદ ચીમનભાઈ રણછોડભાઈ સોલંકીને આંક–૪૭** થી સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવતાં તેઓ સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા. ૧૮/૫/૨૦૧૫ નાં રોજ ૧૨:૦૦ કલાકે તેઓ તેમની પી.એસ.ઓ. તરીકે મહેમદાવાદ પો.સ્ટે.માં ફરજ ઉપર હાજર હતો તે વખતે હલદરવાસ સરકારી દવાખાનામાંથી ડો.એ.આર.શાહનાઓએ ટેલીફોન વર્ધી લખાવેલ કે, સવા દશ વાગ્યાનાં અરસામાં સરસવણી પાસે રીક્ષા પલટી ખાઈ જવાથી કુલ ૮ દરદી ૧૦૮ માં તેઓની પાસે સારવાર અર્થે લાવેલ છે.

જે ટેલીફોન વર્ધી તેમને બતાવવામાં આવે છે, તેમાં પીએસઓ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે, જે પુરવામાં રજુ દાખલ આંક–૪૮ આપવામાં આવે છે. ત્યારબાદ અમી હોસ્પીટલમાં થી ડો.ધનશ્યામ સોઢાનાંઓએ વર્ધી લખાવેલ કે, દરદી નામે લાલારામ હેમતાજી કુમાવત તથા ચીમનભાઈ આતાભાઈ પરમારનાંઓને તા.૧૮/૫/૧૫ નાં કલાક ૯ વાગે વાત્રક પુલના છેડા પર રીક્ષા પલટી ખાઈ જવાથી તેઓ બંને ને ઈજા થયેલ હોય સારવાર માટે તેમની હોસ્પીટલમાં દાખલ કરેલ છે. જે ટેલીફોન વર્ધી તેમને બતાવવામાં આવે છે, તેમાં પીએસઓ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવુ છું જે પુરવામાં રજુ દાખલ <u>આંક–૪૯</u>. જે વર્ધી આધારે અહેકો દલસુખભાઈ હેમાભાઈને જાણ કરતાં તેઓએ ફરીયાદી દીનેશભાઈ ભાવાભાઈનાં ઓએ તેઓની સમક્ષ ફરીયાદ હકીકત જાહેર કરેલ જેની ટુંકમાં વિગત એવી હતી કે, તા.૧ ૮/૫/૧૫ નાં રોજ ૯ કલાકે સરસવણી હલદરવાસ રોડ ઉપર વાત્રક નદીના પુલ પાસેથી ફરીયાદીનો દીકરો તથા અન્ય ઈસમ સીએનજી રીક્ષા નંબર જીજે૭વાયવાય ૭૫૫૪ માં બેસી જતા હતા ત્યારે આ રીક્ષાના ચાલકે તેમની રીક્ષા પુરઝડપે હંકારી રીક્ષા પલટી ખાઈ જતાં રોડની બાજુમાં ગટરમાં ઉતરી પડતાં રીક્ષામાં બેસેલ પેસેન્જરોને ઈજા થયેલ હોય જેની જાણ ફરીયાદીનાં દીકરાએ ફરીયાદીને મોબાઈલ ઉપર કરેલી અને ૧૦૮ બોલાવેલી હલદરવાસ સરકારી દવાખાને તેઓને સારવાર માટે લઈ ગયેલ અને ત્યાંથી ફરીયાદી તથા બે બીજા ઈજા પામનારને નેનપુર ચોકડી જોઈતીબા હોસ્પીટલ સારવાર માટે લઈ ગયેલ જે બાબતની વિગતવાર ફરીયાદ અહેકો ડી.એચ.ડામોરનાંઓ રૂબરૂ જાહેર કરતાં તેઓએ ફરીયાદીની ફરીયાદ તેઓનાં લખાવ્યા મુજબ નોંધી લીધેલ. તેમને આ કામમાંથી આંક–૧૧ થી રજુ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં અહેકો ડી.એચ.ડામોરનાંઓની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ સદર ફરીયાદ આધારે તેઓએ મહેમદાવાદ પો.સ્ટે. એફ.આઈ.આર. નં.૭૦/૨૦૧૫, ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ થવા સારુ અહેકો દલસુખભાઈ હેમાભાઈ તરફ મોકલી આપેલ જે સુચીપત્ર રજુ કરે છે જે રજુ દાખલ આંક–૫૦ આપવામાં આવે છે. તેઓએ સદર ગુનાની જરૂરી તપાસ કરી આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરેલ. દલસુખભાઈ હેમાભાઈ મરણ ગયેલ છે.

**૭.૧૨.૧** બચાવપક્ષે સદર સાહેદનીઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, આ કામે તેઓએ ગુનો દાખલ કર્યા સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

**(૭.૧૩)** હાલના કેસમાં ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૧૭૭ અને ૧૮૪ મુજબના ગુન્હાઓ સાબિત કરવા માટે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. સદર પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં, ફરિયાદ પક્ષે સૌપ્રથમ ફરિયાદી દિનેશભાઈ ભાવાભાઈ ચૌહાણની જુબાની ઉપર આધાર રાખેલ છે. ફરિયાદીએ પોતાની ફરિયાદ તેમજ મુખ્ય તપાસમાં જણાવેલ છે કે, તેઓ પોતાની પત્ની તથા પુત્ર સાથે રીક્ષામાં મુસાફરી કરતા હતા અને રીક્ષા ચાલકે રીક્ષાને પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતાં રીક્ષા પલટી ખાઈ ગયેલ હતી. જોકે, તેમની ઉલટતપાસ દરમિયાન તેઓએ સ્વીકારેલ છે કે રીક્ષાનો નંબર તેમને તેમના કાકાના દીકરાએ જણાવેલ હતો. વધુમાં, તેઓએ રીક્ષા ચાલકને ઓળખી શકે નહીં તેમ સ્પષ્ટપણે જણાવેલ છે. આથી, અકસ્માત સમયે રીક્ષા કોણ ચલાવતું હતું તે અંગે ફરિયાદીનો પુરાવો સીધી ઓળખ પૂરું પાડતો નથી. વધુમાં, ફરિયાદ પક્ષે તપાસેલ સાહેદ દક્ષાબેન દિનેશભાઈ ચૌહાણે પણ અકસ્માતની ઘટના અંગે ફરિયાદી જેવી જ હકીકત જણાવી છે, પરંતુ તેમણે પણ રીક્ષાનો નંબર યાદ ન હોવાનું જણાવેલ છે તથા રીક્ષા ચાલકને ઓળખવા અંગે કોઈ સ્પષ્ટ પુરાવો આપેલ નથી. તેમની જુબાની પણ આરોપીની ઓળખના મુદ્દે ફરિયાદ પક્ષને સહાયરૂપ થતી નથી. તે જ રીતે, અન્ય ઈજાગ્રસ્ત સાહેદો રમીલાબેન રમેશભાઈ ડાભી, નુરજહાંબેન બાબુભાઈ વોરા, લાલારામ હીકાજી કુમાવત તથા ચીમનભાઈ આતાભાઈ પરમારની જુબાની જોતા તેઓએ અકસ્માત બન્યાની હકીકતને સમર્થન આપેલ છે અને પોતાને ઈજાઓ થયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તેઓ પૈકી કોઈ પણ સાહેદે રીક્ષા ચાલકની ઓળખ કરી શકેલ નથી. ઉલટતપાસ દરમિયાન મોટાભાગના સાહેદોએ સ્વીકારેલ છે કે તેઓ રીક્ષાના પાછળના ભાગે બેઠેલ હતા અને અકસ્માત કેવી રીતે બન્યો તે જોઈ શક્યા નહોતા. વધુમાં, સાહેદ રમીલાબેને તો સ્પષ્ટપણે જણાવેલ છે કે રોડ ઉપર અચાનક જાનવર આવી જતા રીક્ષા અથડાઈ હોવાથી અકસ્માત સર્જાયેલ હતો. આ નિવેદન ફરિયાદ પક્ષની મૂળ હકીકતથી વિપરીત છે અને અકસ્માતનું કારણ ગફલતભર્યું ડ્રાઈવિંગ હતું તે બાબતે શંકા ઊભી કરે છે. તદુપરાંત, પંચસાહેદ કમલેશભાઈ ડાહ્યાભાઈ પરમાર પંચનામાને સમર્થન આપતા ન હોવાથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ હતા. તેમણે માત્ર પોલીસના કહેવા મુજબ સહી કર્યાનું જણાવેલ છે. પરિણામે, પંચનામા સંબંધી પુરાવાને સ્વતંત્ર રીતે સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આ ઉપરાંત ફરિયાદ પક્ષે તપાસેલ પોલીસ સાહેદ ચીમનભાઈ રણછોડભાઈ સોલંકીનો પુરાવો

મુખ્યત્વે ગુનો નોંધવાની ઔપચારિક પ્રક્રિયા પૂરતો મર્યાદિત છે. તેઓએ સ્વીકારેલ છે કે તેમણે ગુનો દાખલ કરવા સિવાય બીજી કોઈ તપાસ હાથ ધરેલ નથી. તેથી, તેમની જુબાનીમાંથી આરોપીની સંડોવણી અથવા ગફલતભર્યા ડ્રાઈવિંગ અંગે કોઈ નિર્ણાયક તથ્ય સ્થાપિત થઇ શકતું નથી.

**(૭.૧૪)** ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯ હેઠળ ગુન્હો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષે નિઃશંકપણે દર્શાવવાનું રહે છે કે આરોપી જાહેર માર્ગ ઉપર વાહન એ રીતે ચલાવતો હતો કે જે માનવજીવન માટે જોખમી અથવા અન્ય વ્યક્તિને ઈજા પહોંચાડે તેવું ગફલતભર્યું અથવા ઉતાવળભર્યું હતું.કલમ ૩૩૭ અને ૩૩૮ માટે પણ માત્ર ઈજા કે ગંભીર ઈજા થયેલ હોવાનું પૂરતું નથી, પરંતુ તે ઈજા આરોપીના ગફલતભર્યા અથવા ઉતાવળભર્યા કૃત્યના સીધા પરિણામે થયેલ હોવાનું પુરવાર કરવું આવશ્યક બને છે.માત્ર વાહન "પુરઝડપે" ચલાવવામાં આવતું હતું તેવો આક્ષેપ કરવાથી જ ગફલતભર્યું ડ્રાઈવિંગ સાબિત થઈ જતું નથી. માત્ર અકસ્માત બન્યો હોવાનું પૂરતું નથી, પરંતુ અકસ્માત આરોપીની ગફલતભરી કે બેદરકારીપૂર્ણ રીતે વાહન ચલાવવાને કારણે જ બન્યો હતો તે ફરિયાદ પક્ષે વિશ્વસનીય પુરાવાથી સાબિત કરવું આવશ્યક બને છે

**(૭.૧૫)** હાલના કેસમાં અકસ્માત બન્યાની હકીકત તથા તેમાં કેટલાક મુસાફરોને ઈજાઓ થયેલ હોવાનું પુરાવાઓ પરથી જણાય છે. તેમ છતાં, કોઈપણ સાક્ષીએ આરોપીને અકસ્માત સમયે રીક્ષા ચલાવતા હોવાનું ઓળખી બતાવેલ નથી, તેમજ ફરિયાદીએ પોતે રીક્ષાનો નંબર અન્ય વ્યક્તિ પાસેથી જાણ્યાનું સ્વીકારેલ છે. આ ઉપરાંત, મોટાભાગના સાહેદો પાછળ બેઠેલા હોવાથી અકસ્માત કેવી રીતે બન્યો તે જોઈ શકેલ ન હોવાનું જણાવેલ છે. મહત્વની રીતે તપાસવામાં આવેલ સાહેદો પૈકી એક સાહેદે તો અકસ્માતનું કારણ રોડ ઉપર અચાનક જાનવર આવી ગયેલ હોવાનું જણાવેલ છે. નોંધપાત્ર રીતે, પંચસાહેદે પણ પંચનામાને સમર્થન આપેલ નથી. સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષ અકસ્માત સમયે વાહન ચલાવનાર હાલના આરોપી જ હતા અને તેમણે વાહન ઉતાવળપૂર્વક તથા ગફલતભરી રીતે ચલાવ્યું હતું તે હકીકત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. ફોજદારી કેસમાં શંકાનો લાભ આરોપીને મળવો એ સ્થાપિત કાનૂની સિદ્ધાંત છે. ફરિયાદ પક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાઓમાંથી ઊભી થતી વાજબી શંકાઓના સંજોગોમાં આરોપીને દોષિત ઠેરવી શકાય તેમ નથી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ શંકા થી પર રીતે તેઓનો કેસ સાબિત કરી શકેલ નથી તેવું જણાય છે ત્યારે મુદ્દા નં.: **૦૧** નો નિર્ણય **"નકારમાં"** આપી, મુદ્દા નં.: **૦૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

**૧.** આ કામનાં આરોપી **ભરતભાઈ શનાભાઈ ચૌહાણ, રહે :** સાપલા,તા. મહુધા, જી. ખેડાનાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ – **૨૫૫ (૧)** અન્વયે **ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮** સાથે વાંચતા **મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ ની કલમ – ૧૭૭, ૧૮૪** મુજબના ગુન્હા સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીના અગાઉના રજૂ કરેલ જામીનખત તથા જાત મુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ – **૪૩૭ (એ)** અન્વયે આરોપીને રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા છ માસના સમયગાળા સારું રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ **૧૦મી,** માહે **જૂન,** સને **૨૦૨૬**નારોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :** મહેમદાવાદ
**તારીખ :** ૧૦ / ૦૬ / ૨૦૨૬

**દેવદત્ત વી. વ્યાસ**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
મહેમદાવાદ. (**જીજે૦૧૬૫૯**)